# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

*****************************************************

1) સંસદમાં ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય વિધેયક બિલ 2025 પસાર, લોકસભામાં આજે વકફ સુધારા વિધેયક રજૂ કરાશે.

2) ગુજરાતના બનાસકાંઠામાં ફટાકડાના ગોડાઉનની દુર્ઘટનામા 21 મોત- ગોડાઉનના માલિક પિતા-પુત્રની ધરપકડ.

3) ગત નાણાકીય વર્ષમાં દેશની નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં વિક્રમજનક 25 ગીગાવોટનો વધારો થયો.

4) શ્રીલંકાએ 13 ભારતીય માછીમારોને જેલમાંથી મુક્ત કર્યા.

5) IPL ક્રિકેટમાં પંજાબ કિંગ્સે લખનૌ સૂપર જાયન્ટ્સને 8 વિકેટથી પરાજય આપ્યો.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# TRIBHUVAN SAHKARI BILL

ત્રિભુવન સહકારી યુનિવર્સિટી બિલ 2025 સંસદમાં પસાર થયું. રાજ્યસભાએ તેને મંજૂરી આપી. લોકસભા પહેલાથી જ આ બિલ પસાર કરી ચૂકી છે. આ બિલમાં ગુજરાતના આણંદમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટને યુનિવર્સિટી તરીકે સ્થાપિત કરવાની જોગવાઈ છે. તે ત્રિભુવન સહકારી યુનિવર્સિટી તરીકે ઓળખાશે અને તેને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા જાહેર કરવામાં આવશે. આ સંસ્થા સહકારી ક્ષેત્રમાં ટેકનિકલ અને મેનેજમેન્ટ શિક્ષણ અને તાલીમ પૂરી પાડશે.

સહકાર રાજ્યમંત્રી મુરલીધર મોહોલે જણાવ્યું કે, છેલ્લા સાડા ત્રણ વર્ષમાં સરકારે સહકારી ક્ષેત્રને નવી દિશા આપવા માટે ઘણી પહેલ કરી છે. તેમણે કહ્યું, આ બિલ દેશમાં સહકારની ભાવનાને પ્રોત્સાહન આપશે.

# MORN.-WAQF-RIJIJU

વકફ સુધારા બિલ આજે લોકસભામાં રજૂ કરવામાં આવશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે, ગૃહમાં બિલ પર ચર્ચા માટે આઠ કલાકનો સમય રાખવામાં આવ્યો છે. તેમણે કહ્યું, બિઝનેસ એડવાઇઝરી કમિટીની બેઠક દરમિયાન, જો જરૂરી હોય તો, ચર્ચા માટેનો સમય લંબાવી શકાય છે તે અંગે સંમતિ સધાઈ હતી. શ્રી રિજિજુએ કહ્યું કે, સરકાર ખુલ્લી ચર્ચા માટે તૈયાર છે અને બિલ પરના તમામ પ્રશ્નોના જવાબ આપશે. તેમણે આરોપ લગાવ્યો કે, વિપક્ષી પક્ષો તુષ્ટિકરણની રાજનીતિને કારણે કાયદાનો વિરોધ કરી રહ્યા છે.

ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય લોકશાહી જોડાણ પક્ષો - જેડીયુ અને તેલુગુ દેશમ પાર્ટીએ પણ તેમના તમામ સાંસદોને લોકસભામાં હાજર રહેવા માટે

વ્હિપ જાહેર કર્યો છે. કોંગ્રેસે પણ તેના તમામ સાંસદોને લોકસભામાં હાજર રહેવા જણાવ્યું છે.

સંસદના બંને ગૃહોના ઇન્ડિયા એલાયન્સના નેતાઓએ ગઈકાલે નવી દિલ્હીમાં વક્ફ સુધારા બિલ પર તેમની રણનીતિ ઘડવા માટે એક બેઠક યોજી હતી. જેમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે, સમાજવાદી પાર્ટીના પ્રો. રામ ગોપાલ યાદવ, તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જી, ટી.આર. દ્રવિડ મુનેત્ર કઝગમનું, આમ આદમી પાર્ટીના બાલુ અને સંજય સિંહનો સમાવેશ થતો હતો.

આ સુધારા બિલનો મૂળ ઉદ્દેશ્ય વકફ મિલકતોના સંચાલન અને સંચાલન સંબંધિત ખામીઓને દૂર કરવાનો છે. આ બિલ ગયા વર્ષે ઓગસ્ટમાં લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. બિલ પર વધુ ચર્ચા માટે, ભાજપના સાંસદ જગદંબિકા પાલના નેતૃત્વમાં એક સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિને આશરે 97 લાખ સૂચનો મળ્યા હતા.

# BANASKANTHA TRAGEDY

ગુજરાતના બનાસકાંઠામાં ડીસા તાલુકામાં ફટાકડાના ગોડાઉનમાં સર્જાયેલી દુર્ઘટનામાં મધ્યપ્રદેશના 21 શ્રમિકના મોત નીપજ્યા છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, સ્થાનિક ગુનાશાખા- LCBએ ફેક્ટરીના માલિક પિતા અને પુત્રની ધરપકડ કરી છે. આ ઉપરાંત એક વ્યક્તિની પણ અટકાયત કરવામાં આવી છે. આ કેસની તપાસ માટે વિશેષ તપાસ સમિતિ - S.I.T.ની રચના પણ કરવામાં આવી છે.

ગોડાઉનમાંથી 21 લોકોના મૃતદેહ કબજે કરાયા હોવાનું બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું

**(બાઈટ – બનાસકાંઠા જિલ્લા કલેક્ટર)**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમજ ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી. શ્રી મોદીએ કહ્યું, મૃતકોના નજીકના સંબંધીઓને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાય અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય અપાશે.

# RENEWABLE-ENERGY-GROWTH

ગત નાણાકીય વર્ષમાં દેશની નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં વિક્રમજનક 25 ગીગાવોટ નો વધારો થયો છે. નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ ગઈકાલે નવી દિલ્હીમાં જણાવ્યું કે, ગયા નાણાકીય વર્ષમાં આ ક્ષેત્રે લગભગ 35 ટકાનો વિકાસ થયો હતો. તેમણે કહ્યું, નવીનીકરણીય ઉર્જાના સંદર્ભમાં, સૌર ઉર્જાના ક્ષેત્રમાં સૌથી વધુ વૃદ્ધિ જોવા મળી છે, જે લગભગ 38 ટકા વધીને લગભગ 21 ગીગાવોટ થઈ ગઈ છે.

શ્રી જોશીએ જણાવ્યું કે, પરિવહન ક્ષેત્ર અને ઘરોને કાર્બન મુક્ત બનાવવામાં આવશે. તેમણે જણાવ્યું કે, આ સમયગાળા દરમિયાન ભારતની સૌર પીવી સેલ ઉત્પાદન ક્ષમતા પણ લગભગ ત્રણ ગણી વધીને 9 ગીગાવોટ થઈ ગઈ છે. શ્રી જોશીએ જણાવ્યું કે, પીએમ કુસુમ યોજનામાં પણ સારી પ્રગતિ થઈ છે. પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના શરૂ થયા પછી, છેલ્લા નાણાકીય વર્ષમાં 1 લાખ 10 હજારથી વધુ પરિવારોને લાભ મળ્યો છે અને લગભગ સાત લાખ નોકરીઓનું સર્જન થયું છે.

**કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીની સોશિયલ મીડિયા સંદેશ પરની ટિપ્પણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રમાં સિદ્ધિઓ વિકાસ તરફ એક મોટું પગલું છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

# MORN.-FISHERMEN-RELEASED

**શ્રીલંકાએ ગઈકાલે રાત્રે 13 ભારતીય માછીમારોને જેલમાંથી મુક્ત કર્યા, જેમને સરહદ પાર માછીમારી કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. આ માછીમારોને આ વર્ષે 19 અને 20 ફેબ્રુઆરીના રોજ રામનાથપુરમ જિલ્લાના રામેશ્વરમથી ધરપકડ કરવામાં આવી હતી. શ્રીલંકા સરકારે 30 માર્ચે આ માછીમારોને કોલંબો સ્થિત ભારતીય દૂતાવાસને સોંપ્યા હતા. દૂતાવાસે આ માછીમારોને ચેન્નાઈ પાછા ફરવાની વ્યવસ્થા કરી હતી. માછીમારોએ જણાવ્યું કે, શ્રીલંકાની કોર્ટે તેમના પર ચાર લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.**

# MORN-RBI-BANKNOTES-RETURNED

ભારતીય રિઝર્વ બેંકે જણાવ્યું કે, 2000 રૂપિયાની 98.21 ટકા ચલણી નોટબેંકિંગ સિસ્ટમમાં પાછી આવી ગઈ છે. 19 મે, 2023 ના રોજ, RBI એ 2000 રૂપિયાની બેંક નોટો ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી. RBI એ એક નિવેદનમાં જણાવ્યું કે, 19 મે, 2023 ના રોજ કામકાજ બંધ થતાં ચલણમાં રહેલી 2000 રૂપિયાની નોટોનું કુલ મૂલ્ય 3.56 લાખ કરોડ રૂપિયા હતું. ત્યારથી આ વર્ષે 31 માર્ચના રોજ કામકાજ બંધ થતાં તે ઘટીને 6 હજાર 366 કરોડ રૂપિયા થઈ ગયું છે.

7 ઓક્ટોબર, 2023 સુધી તમામ બેંક શાખાઓમાં 2000 રૂપિયાની નોટો જમા કરાવવા અથવા વિનિમય કરવાની સુવિધા ઉપલબ્ધ હતી. જો કે, આ સુવિધા હજુ પણ રિઝર્વ બેંકની 19 ઇશ્યૂ ઓફિસોમાં ઉપલબ્ધ છે. લોકો દેશની કોઈપણ પોસ્ટ ઓફિસમાંથી 2000 રૂપિયાની નોટો ભારતીય પોસ્ટ દ્વારા RBI ઇશ્યૂ ઓફિસમાં મોકલી શકે છે જેથી તેમના બેંક ખાતામાં ક્રેડિટ થઈ શકે. 2000 રૂપિયાની નોટો કાયદેસર ટેન્ડર તરીકે ચાલુ રહેશે.

# EPFO-MANDAVIYA

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ 15 વધુ બેંકોને પેનલમાં સમાવીને જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકો સાથે કરાર કર્યા.

મલ્ટી-બેંકિંગ સેન્ટ્રલાઇઝ્ડ કલેક્શન સિસ્ટમનો વિસ્તાર કર્યો છે, જેનાથી પેનલમાં બેંકોની કુલ સંખ્યા 32 થઈ ગઈ છે. EPFO એ ગઈકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની હાજરીમાં આ સંદર્ભમાં બેંકો સાથે કરાર કર્યા. નવી પેનલમાં સમાવિષ્ટ 15 બેંકો વાર્ષિક કલેક્શનમાં

લગભગ 12 હજાર કરોડ રૂપિયાની સીધી ચુકવણીને સક્ષમ બનાવશે અને આ બેંકોમાં પોતાના ખાતા રાખનારા નોકરીદાતાઓને સીધી પહોંચ આપશે.

આ પ્રસંગે બોલતા ડૉ. માંડવિયાએ જણાવ્યું કે, નવા ભારત તરફ દેશની પ્રગતિને EPFO જેવી સંસ્થાઓ દ્વારા નોંધપાત્ર રીતે ટેકો મળી રહ્યો છે, જે દેશના ભવિષ્યને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે ઉલ્લેખ કર્યો કે, લગભગ 8 કરોડ સક્રિય સભ્યો અને 78 લાખથી વધુ પેન્શનરો સાથે, EPFO લાખો લોકો માટે સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરતા લાભો પૂરા પાડે છે. તેમણે કહ્યું કે, EPFO એ વિકસિત, નોંધપાત્ર સુધારો કર્યો છે. તેણે નાણાકીય વર્ષ 2024-25માં 6 કરોડથી વધુ દાવાઓનો નિકાલ કર્યો છે.

# SUNITA-WILLIAMS-INDIA.

નાસા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે તેમના પિતાના વતન ભારત સાથે ફરીથી જોડાણ કરવા અને દેશના લોકો સાથે અવકાશ સંશોધન વિશેના તેમના અનુભવ રજૂ કરવા અંગેની પોતાની લાગણીઓ જાહેર કરી છે. આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર વિસ્તૃત મિશનમાંથી પાછા ફર્યા બાદ ગઈકાલે મીડિયા સાથે વાત કરતી વખતે શ્રીમતી વિલિયમ્સે આ વાત કરી હતી. તેઓ  ગયા મહિનાની 19મી તારીખે સ્પેસએક્સ ક્રૂ, નવ ડ્રેગન અવકાશયાનમાં 286 દિવસ અવકાશમાં વિતાવ્યા બાદ પૃથ્વી પર પરત ફર્યા હતા. અવકાશમાંથી ભારત વિશેના તેમના વિચારો વિશેના પ્રશ્નના જવાબમાં, નાસા અવકાશયાત્રીએ આ દેશને અદ્ભુત ગણાવ્યો અને તેમના મિશન દરમિયાન જોયેલા હિમાલયના આકર્ષક દૃશ્યો પર પ્રકાશ પાડ્યો.

શ્રીમતી વિલિયમ્સે ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેવાની ઇચ્છા વ્યક્ત કરી, ભારતના અવકાશ ક્ષેત્રમાં ઝડપી વિકાસમાં અને ખાનગી અવકાશ સંસ્થાઓ

સાથે સહયોગમાં તેમની રુચિમાં મજબૂત રસ દર્શાવ્યો. નાસા અવકાશયાત્રીએ કહ્યું કે, તે ભવિષ્યના અવકાશ મિશનમાં ભારતની ભાગીદારીની રાહ જોઈ રહી છે,

# REV. NT. IPL T20 CRICKET RESULT

IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર બંગ્લોર અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

ગઇકાલે લખનૌમાં રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે પ્રભસીમરન સિંઘના 69 રનના પ્રભાવી સ્કોર સાથે લખનૌ સૂપર જાયન્ટ્સને 8 વિકેટથી પરાજય આપ્યો છે. કપ્તાન શ્રેયસ ઐય્યરે 52 રન કર્યા હતા. લખનૌ માટે દીગવેશ સિંઘ રાઠીએ 2 વિકેટ ઝડપી હતી. અગાઉ ટોસ જીતીને પંજાબે ફિલ્ડિંગ પસંદ કરી હતી. લખનૌએ નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 171 રન બનાવ્યા હતા. ટેબલ પોઈન્ટમાં લખનૌ ત્રીજા સ્થાને તો પંજાબ પાંચમા ક્રમે છે. જ્યારે રોયલ ચેલેન્જર બેંગલોર પ્રથમ ક્રમાંક પર છે

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

- આજના તમામ અખબારોમાં ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ, 21ના મોત, વિપક્ષના વિરોધ વચ્ચે આજે લોકસભામાં વકફ બિલ રજૂ કરાશે, આજથી ભારત સહિતના દેશો પર ટ્રમ્પનો ટેરિફ, 600 ખાનગી હોસ્પિટલે આયુષમાન યોજનામાંથી ડિસ્ચાર્જ લીધું, વૈશ્વિક સોનું ઓલ ટાઈમ હાઇ, સેન્સેક્સ 1 હજાર 390 પોઈન્ટ ડાઉન જેવા સમાચારો મુખ્ય પાને પ્રકાશિત થયા છે.

- સંદેશનું મુખ્ય શીર્ષક છે વૈશ્વિક સોનું ઓલ ટાઈમ હાઇ, સેન્સેક્સ 1 હજાર 390 પોઈન્ટ ડાઉન

- ગુજરાત સમાચાર લખે છે, ડીસામાં ફટાકડાની ગેરકાયદે ફેક્ટરીમાં બ્લાસ્ટ : 21ના મોત

- દિવ્ય ભાસ્કરે મુખ્ય શીર્ષકમાં લખ્યું છે ડીસાના ગોડાઉનમાં વિસ્ફોટ, દારૂખાનું રાખવાનું લાઇસન્સ હતું પણ ફટાકડા બનાવતા હતા

- આજે લોકસભામાં રજૂ થશે વકફ બિલ: JDU, LPJએ સસ્પેન્સ વધાર્યું – આ સમાચાર ફૂલછાબે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.

- નવગુજરાત સમયે પ્રથમ પાને લખ્યું છે, ભારત ટેરિફમાં ધરખમ ઘટાડો કરવા જઈ રહ્યું હોવાનો US પ્રમુખ ટ્રમ્પનો દાવો, આજથી ભારત સહિતના દેશો પર ટ્રમ્પનો ટેરિફ

- મ્યાનમાર – થાઈલેન્ડ ભૂકંપ : મૌત ઔર તબાહી કે મંજર કે બીચ જિંદગી બચાને કી જંગ, દુનિયા કે સાથ ભારતને ભી બઢાએ મદદ કે હાથ – આ સમાચારને રાજસ્થાન પત્રિકાએ મુખ્ય પાને લીધા છે.

- ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ ગુજરાત સ્થિત લઘુ ઉદ્યોગોએ આઇપીઓ થકી 1 હજાર 919 કરોડ રૂપિયાની વિક્રમજનક મૂડી ઊભી કરીના સમાચાર પ્રથમ પાને લીધા છે.

- આ ઉપરાંત રાજકોટમાં સાબુની ફેક્ટરીમાં આગ ભભૂકી, કર્ણાટક સરકારે વધાર્યા વેચાણ દર, ડીઝલ 2 રૂપિયા પ્રતિ લિટર મોંઘું, ધોરણ 9 અને 11ની વાર્ષિક પરીક્ષામાં ફેરફાર: 12મીની પરીક્ષા 21મીએ- આ સમાચારો મુખ્ય પાનાં પર પ્રકાશિત થયેલા જોવા મળી રહ્યા છે.